॥ સનાતન ધર્મો ધર્મ ॥

શ્રી અખિલ ભારતીય કરછ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

પ્રચાર પ્રસાર જાગૃતિ ઉજાગર

સનાતન ધર્મ પત્રિકા

સ્ટાર સોરીરાવ મિડીયા

Email : office@sanatandharmpatrika.com | Web : www.sanatandharmpatrika.com

● સં. ૨૦૭૭ ● જેઠ સુદ - ૨ ● તા. ૧૨-૬-૨૦૨૧ ● શનિવાર SDP NO : 417 MOB. : +91 78018 77774, +91 77189 77774. anksanatandharmpatrika@gmail.com

યુવા સુરક્ષા કવચ યોજના પરિપૂર્ણ એજ અભિયાન, મિશન ચેરમેન...

૧૫ જૂન પહેલા જ ૧૦૦ % રિપેમેન્ટ જમા કરવા અને લક્ષ ૫૧૦૦૦નું કાર્ય તમામ કાઉન્સિલ પૂર્ણ કરવા કટિબદ્ધ.

કોવિડ ની મહામારી માંથી પુનઃ સ્થિતિ યથાવત થવાના અણસાર મળી રહ્યા છે. ચોમેર લોકડાઉન ને વધુ ને વધુ અનલોક કરવામાં આવી રહ્યા છે.. વેપાર ધંધા પણ ફરીથી ધબકતા થયા છે. વેક્સીન ના બે બે ડોઝ પણ લેવામાં કડપા સમાજ કે યુવાઓ અંગેસરે છે. પોતાના શહેર ગામ માં અનુકૂળ ના હોય તો જ્યાં પણ રજિસ્ટ્રેશન થાય ત્યાં વેક્સીન લઈ ને સુરક્ષિત થયા છે..

યુવા સુરક્ષા કવચ યોજના માં જોડવા રોજ રોજ રજિસ્ટ્રેશન નવા પણ થઈ રહ્યા છે.. રિપેન્ટ નું ભરણું ઉત્સાહ પૂર્વક જમા કરાવી ને લગભગ ૦૫ ટકા રિપેમેન્ટ આજકાલ માં થયા ના આંકડા પ્રાપ્ત થઈ રહ્યા છે.

સમગ્ર ઠેકાણે સાનુકૂળ અને સકારાત્મક વાતાવરણ સાથે યોમાસા નું આગમન પણ થઈ રહ્યું છે.

યુવાસંઘ મિશન ચેરમેન મોહનભાઈ પોળું દ્વારા યુવા સુરક્ષા ટીમ સાથે મસલત અને કાઉન્સિલ ની ટીમ સાથે સતત પરામર્શ કરવામાં આવે છે અને રોજ રોજ માઈકો લેવલે કામગીરીની સમીક્ષા થઈ રહી છે. કોવિડ ની મહામારી માં યોજના ને પૂર્ણ પણે કામયાબ બનાવવા વિનિગ સિક્સરો ની પૂર્ણ વિશ્વાસના અભિગમ સાથે પૂરે પુરી યુવાસંઘની ટીમ કટિબદ્ધતા સાથે ૫૧૦૦૦ ના પડાવ ને જન્માષ્ટમી ના સમયે પાર પાડવા ૨૦૨૦ ની ૩૦ડે કાર્ય કરવા ચૈતન્ય સ્ફૂર્તિ ને ઉત્સાહ ના સ્પન્દન સેન્ટ્રલ યુવાસંઘ પ્રમુખ ડો.વસંતભાઈ પોળું દ્વારા સમાજના મોવડીઓ ને પણ ખાસ અપીલ કરવામાં આવી છે.

જેઓ પણ YSK રહક અને પરિવાર રહક ની જવાબદારી સાથે આ સમાજ ના હર ઘર સુરક્ષા ના ઓજસ સમજણ થકી પરિપૂર્ણ કરવા જાગૃતિ દાખવી રહ્યા છે.

પ્રિય યુવા સુરક્ષા કવચ યોજના સભ્યો,

ગત વર્ષે YSK પરિવારના દિવંગત થયેલ સભ્યોના પરિવારોને સધિયારો આપવાની, દિલસોજી વ્યક્ત કરવાની, "હમ હૈ ના" કહેવાની તક રખે ચુકતા.

YSK Sahayognidhi

૧૫/૦૬/૨૦૨૧ રેગુલર YSK દિવંગત મેમ્બર તર્પણની છેલ્લી તારીખ છે, જો જો રખે ચુકતા.

દિવંગત સભ્યોને તર્પણ અર્પણ કરી "**जीवेत शरदः शतम्**" જેવા આશીર્વાદ મેળવીએ.

જો આપ,
આખર તારીખ: ૧૫.૦૬.૨૦૨૧
સુધીમાં સદયોગનિધિ જમા નહી કરાવતા હો,
- Rs. 100/- પેનલટી થાય
- રિસ્ક કવરેજ બંધ થાય
ત્યારબાદ,
છુટની તારીખ: ૧૫.૦૭.૨૦૨૧
સુધીમાં જો પેનલટી સહિત સદયોગનિધિ જમા નથી કરાવતા હો,
- Rs.200/- વધારાની પેનલટી
- આપનું સભ્યપદ Deactive એટલે કે કોઈ લાભ પ્રાપ્ત ન થાય અને ફરીથી છઠ્ઠેથી કારવશો ત્યારે નિયમ મુજબનો ૧૨વર્ષનો Locking Period ચાલુ પડે...

YSK Department

આવું ન થવા દેશો...

આપના પરિવારના તમામ સભ્યોના સભ્યપદ સુરક્ષિત રહે તે જોવાની જવાબદારી કાર્યકારની સાથે રહી તમારી પોતાની પણ છે...

સદયોગનિધિ

online ભરવા માટે તમારો YSK નંબર આ લિંક માં લખી, બિલના નીચે pay online આવશે.

https://digitalysk.appspot.com

બેંક માં ભરવા માટેની માહિતી નીચે પ્રમાણે છે

State Bank of India
Yuva Surksha Kavach
Saijpur Bogha Branch
AcNo.: 30735629087
Ifsc code: SBIN0003044

HDFC BANK
Yuva Suraksha Kavach
Talod Branch
AcNo.: 50200016473482
Ifsc code: HDFC0003007

- મોહન પોળું
યુવાસંઘ, મિશન ચેરમેન.

ચેક અર્પણ સુરત સમાજ યુવા સુરક્ષા કવચ યોજના અપને લિયે નહી, આપનો કે લિયે



જીવન અને મરણ આપણાં હાથમાં નથી એ હંમેશા ભાગવાનની મરજી થીજ ચાલેછે. સહજાગ આપને રહેતું જોવે.

એવીજ આપણી સમાજ અને યુવાસંઘ ની એક સુંદર યોજના યુવા સુરક્ષા કવચ અવશ્ય સભ્ય બનીયે.

જેમાં દક્ષિણ ગુજરાત રિજીયન ના સુરત સમાજ અને YSK સભ્ય એવા સ્વ. જયપ્રકીબેન ચુનીભાઈ નાકરાણી ક્લબના ગામ સાયરા વાળા પરિવારજનો ને સદયોગ નિધિનો ચેક અર્પણ કરવા ગયેલ સમાજ ના હોદેદારોશ્રીઓ ની ઉપસ્થિતિ રહેલ.

દક્ષિણ ગુજરાત સમાજ ઝોન ખજાનવી અને સુરત સમાજ પ્રમુખશ્રી ઝવેરભાઈ રામાણી, DGR વિભાગીય પ્રમુખશ્રી કિશોરભાઈ નાકરાણી, સુરત યુવા મંડળ પ્રમુખશ્રી મુકેશભાઈ પોકાર, સુરત યુવા મંડળ ઉપપ્રમુખશ્રી ગોવિંદભાઈ માકણી, સુરત યુવા મંડળ PRO સંજયભાઈ ભાવાણી

અપને લિયે નહી, આપનો કે લિયે
યુવા સુરક્ષા કવચ યોજના

ક્વાપર-ક્ચ્છના હિન્દુ યુવા સંગઠનના ભાઈઓ દ્વારા છેલ્લા બે માસથી ગૌસેવાનું અભિયાન..



ગામની ગાવડીઓ/ગાયોને ઉનાળાની કાળઝાળ ગરમીમાં વગડાઓ સુધી માત્ર આંટો મારવા પૂરતું જવું ન પડે તે માટે દાતા-પરિવારના ખાસ સહયોગથી અને ક્વાપરના હિન્દુ યુવા સંગઠનના ભાઈઓ દ્વારા ગૌ-શાળા મધ્યે વડલાના છાંયેડે છેલ્લા બે માસથી લીલાચારાનું નિરણ કરવામાં આવી રહ્યું છે...

માનવ જાતિએ તો ગરમી સામે રક્ષણ મેળવવા જાત-જાતની સગવડો અને સાધનો વસાવ્યાં છે. પરંતુ આ અબોલા પ્રાણીઓ જાય ક્યાં..?દુધાળા પ્રાણીઓ અને જંગલી પ્રાણીઓ ફુફરત સામે ટકવા માટે રઝળપાટ કરતાં હોય છે. પાણીની તરસ છીપાવવા ક્યારેક જંગલી પ્રાણીઓ વાડી વિસ્તારમાં કે ગામના પાદર સુધી આવી ચડતાં હોય છે..!!

એપ્રિલ અને મે મહિનામાં ભારે ગરમી દુધાળા પશુઓની હાલત બેહાલ કરી મુકે છે.

માર્ચ બાદ એપ્રિલ અને મે મહિનામાં વેશાખી વાયરા આ પંથકમાં ગરમીનું સામ્રાજ્ય સર્જે છે. રણ પ્રદેશ તરફથી આવતા ગરમ પવન વાતાવરણમાં ગરમીનું પ્રમાણ વધારી નાખે છે. આ એવી સીઝન અને સમય હોય જેમાં ચેક-ડેમો અને તળાવોમાં પાણી તળિયાઝાટક હોય અને વગડામાં ઘાસ તો નહીં કે બરાબર...

ક્વાપર-ક્ચ્છના વગડાઓમાં કાળઝાળ ગરમીમાં ઘાસનાં તણખલાં માટે ઠાંઠાં મારતી ગૌ-માતાઓને છેલ્લા બે માસથી લીલાચારાનું નીરણ કરતા ક્વાપરના હિન્દુ યુવા સંગઠનના ભાઈઓ...દાતા-પરિવારના ખુબ સારા સહયોગથી આ કાર્ય શક્ય બન્યું છે, તેવું યુવા માનવતાવાદી એવા હિરેનભાઈ નાકરાણીએ માહિતી આપી..

જય હો... મનોજ વાઘાણી..

હિરસો મુસ્કુરાવેગા પુણે ....

નવા આંકડા આવતાંની સાથે જ પુના શહેરમાં મોલ સહિત તમામ પ્રવૃત્તિઓ (Activity)ને છૂટ.. દુકાનો પણ સાંજે સાત વાગ્યા સુધી ચાલુ રહેશે.

પુના શહેરમાં પરિસ્થિતિ સુધરવાને કારણે અહીં દુકાનો સાંજે સાત વાગ્યા સુધી ચાલુ રહેશે.

પુનામાં મોલ સોમવારથી શરુ કરવામાં આવશે.

હોટલ અને રેસ્ટોરન્ટને ૫૦%ટકા હાજરી સાથે ખોલવાની પરવાનગી આપવામાં આવી છે.



આશરે સવાબે મહિના પછી પુનામાં મોલ, વાંચનાલય, પુસ્તકાલય વિગેરે અન્ય તમામ વિસ્તારો ખુલશે.

છાસ એક સંપૂર્ણ પીણું

આયુર્વેદમાં 'છાસ'ની તુલના 'અમૃત' સાથે કરવામાં આવી છે. શરીરમાં રહેલા ઘાતકી તત્વોને મુત્ર દ્વારા શરીરમાંથી બહાર કાઢવાની શક્તિ એકમાત્ર છાસમાં છે, તો છાસનું સેવન રોગપ્રતિકારક શક્તિ વધારે છે.

એક મહત્વપૂર્ણ બાબત એ પણ છે કે જો લગાતાર ત્રણ દિવસ એકમાત્ર છાસને આહારમાં લેવામાં આવે તો શરીરમાં પંચકર્મ સ્વયં થાય છે. વજારની ચરબી ઉતરી જાય છે. ચેહરા પરના દાગ નીકળી જાય છે અને સાથે સાથે ચમક પણ આવે છે.

છાસમાં વિટામિન બી-૧૨, કેલ્શિયમ, પોટેશિયમ, ફોસ્ફરસ વિગેરે જેવા શરીર માટે લાભદાયક અનેક તત્વો રહેલાં છે જે પેટ સાફ રાખે છે તથા પેટમાં થતો ગડગડાટ મટાડે છે. શરીરના તાપમાનને નિયંત્રણમાં રાખે છે જેથી સરસ નિદ્રા આવે છે.

છાસનું સેવન કરવાથી નિમ્નલિખિત દસ લાભ મળે છે.

(૧) મોટાપો ઘટે છે.
(૨) વારંવાર પેશાબની તકલીફવાળાઓ માટે માઇક્રસ્ક નમક વાળી છાસ લાભદાયક છે.
(૩) છાસનું સેવન મોઢામાં પડતાં ચાંદાને મટાડે છે.
(૪) છાસમાં કુટેલો અજમો નાખીને પીવાથી પેટનાં જંતુઓનો નાશ થાય છે. દવાઓ લેવી નથી પડતી.
(૫) છાસમાં દેશી ગોળ નાખીને પીવાથી પેશાબમાં થતી બળતરા મટે છે.
(૬) છાસમાં જાયફળનો ચપટી પાવડર નાખીને પીવાથી માથામાં થતો દુઃખાવો મટે છે.
(૭) ખાલી પેટ છાસ પીવાથી પેટનો દુઃખાવો મટે છે.
(૮) છાસમાં કાળીમરીનો પાવડર તથા સાકર નાખીને પીવાથી પિત્ત તથા એસિડિટી મટે છે.
(૯) નાનાં બાળકોને જ્યારે દાંત આવતા હોય ત્યારે ચાર ચાર ચમચી છાસ રાહત આપે છે.
(૧૦) શરીરના પંચકર્મની વાત આગળ કરી જ છે.

જેમણે પેસા ખર્ચીને પંચકર્મ કરાવ્યું છે તેઓ જરૂરથી આ પ્રયોગ કરે, તો તેમને પ્રયોગની ખાત્રી થશે તથા આગળ જતાં પૈસા પણ બચશે.

ગુજરાતીઓ તેમાં પણ કચ્છી પટેલોના કાર્યક્રમોમાં મોંઘું જમણ હોય પરંતુ તેમાં છાસ ન હોય તો તે જમણ અધુરુ લેખાય છે.

આ આપણા વડીલોએ આપેલી અમૂલ્ય ભેટ છે, જેના દૈનિક સેવનથી તબિયત સારી રહે છે અને જો તેનું વિધિવત સેવન કરવામાં આવે તો પૈસાની પણ બચત થાય.

તો પછી ચાલો આજથી જ કોલ ટ્રિંકને ફરીએ અલવિદા, શરૂ કરીએ 'છાસ'. એજ કરે જીવન માં હાસ....

અખિલ ભારતીય ક.ક.પા.સનાતન હળપાણી પરિવાર, મથલ

આઈ સતી શ્રી પનબાઈ મા ની કૃપાથી આપ સૌ કુશળ હશો.

ઘણા લાંબા સમયથી સમગ્ર વિશ્વ કોરોના મહામારીથી ત્રસ્ત છે. આ મહામારીમાં આપણા પરિવારમાં પણ દુઃખદ કરુણ અવસાન થયા છે. સૌ દિવંગત આત્મા ને ભાવભીની શ્રધ્ધાંજલિ અર્પણ કરીએ છીએ. સદગત ના આત્માના કલ્યાણ અર્થે પ્રભુને પ્રાર્થના કરીએ છીએ.

સમયની ગંભીરતાના કારણે, આવતી અખાડીબીજ બાળત, હોદ્દેદારો સાથે પરસ્પર કોનથી ચર્ચા વિચારણા કરેલ છે. જેથી મથલ મુકામે આવતી અખાડીબીજ નો કાર્યક્રમ મુલતવી રાખવાનો નિર્ણય કરેલ છે.

આપણે સૌ કોરોના પ્રત્યે જાગૃત છીએ. જેથી સરકારી પ્રતિબંધો નું પાલન કરીને પોતપોતાના ઘેર રહીને સ્વસ્થ અને સલામત રહીએ... આઈ સતી પનબાઈ મા ના આશીર્વાદ સહ

સૌ.

પ્રમુખશ્રી : - લાલજીભાઈ, ૬લદન. સંપર્ક : ૭૦૧૧૦૮૫૯૦૨.
મંત્રીશ્રી :- દિનેશભાઈ, ૬ઠેગામ. સંપર્ક : ૯૮૨૫૪૪૩૬૩૩.

પૂનામાં આજે પણ ધમધમતી ગુજરાતીઓના પ્રતીક સમી આ ગુજરાતી શાળાને; ટૂંક સમયમાં પૂર્ણ થશે ૧૦૦ વર્ષ...

સંયોજક : કૃષ્ણકાંત વાઘડિયા પુણે

દેશના વિવિધ ભાગમાંથી પુનામાં વ્યાપાર કરવા આવેલા વ્યાપારીઓને ભાળકો માટે શરૂ થયે લી ગુજરાતી શાળામાં આજે પણ ભુલકાંઓનો કલરવ સંભળાઈ રહ્યો છે. આ વાત છે પુના શહેરસ્થિત રતનબહેન સુનીલાલ મહેતા (RCM) ગુજરાતી શાળા તરીકે પ્રખ્યાત છે. વર્ષ ૧૯૨૬માં સ્થાપયેલી આ શહેરની સૌથી જૂની શાળા છે.

આજે પણ પુના જેવી મરાઠી નગરીમાં શાળાના પ્રાથમિક અને માધ્યમિક વિભાગમાં કુલ ૪૦૦ જેટલા વિદ્યાર્થીઓ માતૃભાષામાં શિક્ષણનો લાભ લઈ રહ્યા છે. શાળામાં વિદ્યાર્થીઓ પાસે સેમી-ઈંગ્લિશનો પણ વિકલ્પ ઉપલબ્ધ છે. ઉપરાંત, ગુજરાતી માઈનોરિટી હેઠળ ગુજરાતીઓને સંસ્થાની જુનિયર કોલેજમાં પણ પ્રવેશ મેળવવો સહેલો છે. જુનિયર કોલેજ માટે અહીં વિવિધ વોકેશનલ કોર્સ પણ ઉપલબ્ધ છે.

શાળામાં વેલ્યુ એજ્યુકેશન, સ્પોકન ઈંગ્લિશ, ગાઈડ્સ લેઝર સહિત વિદ્યાર્થીલક્ષી શિક્ષણ આપવામાં આવે છે. ઉપરાંત કવિ નર્મદની જન્મજયંતી ૨૪ ઓગસ્ટ એટલે કે ગુજરાતી દિવસ નિમિત્તે પણ મોટો કાર્યક્રમ કરવામાં આવે છે, જે અંતર્ગત વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા બાળકોને ગુજરાતની અસ્મિતા વિશે પણ જ્ઞાન આપવામાં આવે છે. શાળાનો એક મહત્વનો ઉપક્રમ એટલે કે પ્રવેશોત્સવ, જેમાં શૈક્ષણિક વર્ષના પ્રથમ દિવસે બાળકોને ચાંદલો કરી ફુલ આપી સ્વાગત કરવામાં આવે છે.

આ સંદર્ભે વાત કરતાં શાળાનાં ભુતપૂર્વ વિદ્યાર્થિની અને આચાર્યા સોનલબહેને જણાવ્યું કે "આગામી અમુક વર્ષમાં શાળાને ૧૦૦ વર્ષ પૂર્ણ થશે. શાળાની આ અભુતપૂર્વ પ્રગતિમાં સંચાલકો અને શિક્ષકોની ખુબ જ મહેનત છે."

ઉલ્લેખનીય છે કે આ શાળાની વિદ્યાર્થિનીઓ ખો.ટોપર પણ બની છે અને દર વર્ષે ઘણા વિદ્યાર્થિઓ ગુજરાતીમાં ૯૦થી વધારે ગુણ મેળવે છે. શિક્ષકો પણ દસમાના વિદ્યાર્થીઓ પરીક્ષા વર્ગમાં પ્રવેશ ન કરે ત્યાં સુધી સતત માર્ગદર્શન માટે તત્પર રહે છે. આ શાળા હવે શહેરમાં સીમાચિહ્નરૂપ બની ગઈ છે. પુના શહેરના કોઈપણ ખૂણેથી કોઈપણ વ્યક્તિને ગુજરાતી શાળા ક્યો એટલે તમને આ જ શાળાનો રસ્તો બતાવશે.



RCM રતનબેન સુનીલાલ મહેતા ગુજરાતી શાળા પુણે.

www.jeevansparsh.com



- Corporate Club Member - **LIC OF INDIA**
- TOT, COT & MDRT (USA)
  Qualifier Member Since 2002
- Life Member of MDRT (USA)
- "Area Chair for Central INDIA" of MDRT MCC Committee

BRIJESH PATEL
INSURANCE & INVESTMENT CONSULTANT

Insurance Planning | Wealth Management | Prudent Advice | Technology Enabled

All above, with best in class servicing

LIC भारतीय जीवन बीमा निगम LIFE INSURANCE CORPORATION OF INDIA
Qualifying & Life Member MDRT®

JEEVAN SPARSH
E-72 Sector-8, Devendra Nagar, Raipur (C.G.), Tel. : 0771-2524774, 4044774
Mob. : 94252 04774, 95841 47000, E-mail: jeevansparsh@gmail.com.
यही सच्चाइ हर बार...





ભાવભીની શ્રદ્ધાંજલિ - સનાતન ધર્મ પત્રિકા.

તારીખ: ૧૦/૦૬/૨૦૨૧

સ્વ. કાન્તીભાઈ ભીમજીભાઈ ચિકણી
ઉમર : ૫૨ વર્ષ
કચ્છ માં ગામ : કલ્યાણપર
હાલે : દેવદાયર
(ભુજ કચ્છ)

પરમ કૃપાળુ પરમાત્મા સદગત ના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના.
શ્રીસમાજ, સનાતન ધર્મ પત્રિકા ની પ્રચાર પ્રસાર સમિતિ દ્વારા ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ....
ૐ શાંતિ શાંતિ શાંતિ

તારીખ: ૧૧/૬/૨૦૨૧ શુક્રવાર

સ્વ. લીલાબેન પરસોતમ માકાણી
ઉમર : ૫૦ વર્ષ,
કચ્છમાં ગામ : નેત્રા(માતાજીના)
હાલે : રાજકોટ
અવસાન કારણ : કોરોના સંક્રમણ

સ્વ. જાનબાઈ જેઠાભાઈ નાકરાણી(મેઘાણી)
ઉમર : ૯૫ વર્ષ,
કોટડા (જડોદર) સ્થાનિક

સ્વ. કાન્તીભાઈ ભાણજીભાઈ હલપાણી
ઉમર : ૭૫ વર્ષ,
કચ્છ માં ગામ : દેવપર
હાલે : મીરજાપર, ભુજ.